૦૩/૦૩/૨૦૨૧

પ્રતિ,

**ચેરમેનશ્રી,**

સુરત શહેરી વિકાસ સત્તા મંડળ,

સુડા ભવન, વેસુ,

સુરત

**વિષય : હાલમાં કોવિડ-૧૯ ની મહામારીની અસરને લીધે રીઅલ એસ્ટેટ માર્કેટ આર્થિક સંકડામણમાંથી પસાર થઇ રહેલ છે તે ધ્યાને લઇ પેઇડઅપ એફ.એસ.આઇ ની રકમમાં ચુકવવાના થતાં નાણાની સમયમર્યાદા વધારી આપવા બાબત...**

મહેરબાન સાહેબશ્રી,

સવિનય સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે આપશ્રી જાણો છો તે મુજબ કોવિડ-૧૯ ની ફોર્સ મેજર પરિસ્થિતિને લીધે રીઅલ એસ્ટેટ માર્કેટમાં સર્વાયવલના પ્રશ્નો ઉભા થયા છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા તેમજ બિઝનેસને પાટા પર લાવવાના આશયથી ક્રેડાઇ-સુરત દ્વારા નીચે મુજબની માંગણીઓ કરીએ છીએ તે ઉપર યોગ્ય કાર્યવાહી કરવા વિનંતિ છે.

૧.૮ એફ.એસ.આઇ. પછીની પેઇડઅપ એફ.એસ.આઇમાં ૧૦ % શરૂઆતમાં લઇ ત્યારબાદ પાંચ કરોડથી ઓછી રકમમાં ૯૦ % બાકી રહેતી રકમના બે વર્ષનાં સમયગાળામાં, તેમજ પાંચ કરોડથી વધારાની રકમમાં ૯૦ % બાકી રહેતી રકમના ત્રણ વર્ષનાં ગાળામાં હપ્તા કરી બી.યુ.સી સુધીમાં વસુલ લેવા વિનંતિ છે. તેમજ ૯૦ % રકમનાં પાકતી મુદતમાં હાલની કોવિડ-૧૯ ફોર્સ-મેજરને ધ્યાને લઇ વધારાનાં એક વર્ષની છુટછાટ હાલમાં આપીએ છીએ તે ચાલુ રાખી તમામ રકમ બી.યુ.સી સુધીમાં વ્યાજ સહિત વસુલવા અમારી નમ્ર અરજ છે.

**લિ. આપના વિશ્વાસુ**

**સુરેશ પટેલ**
**ચેરમેન**
**ક્રેડાઇ સુરત**

**રવજીભાઇ પટેલ**
**પ્રમુખ**
**ક્રેડાઇ સુરત**

**વિજય ધામેલિયા**
**માનદ્મંત્રી**
**ક્રેડાઇ સુરત**